નિયમસાર
પ્રવચન નં :- ૧૮૬
ગાથા ૧૫૯, તા. ૨૬-૧૧-૭૧

શુદ્ધોપયોગ અધિકાર. કેવળજ્ઞાન અને કેવળદર્શન. આત્માની પરિપૂર્ણ પર્યાય તેને અહીંયા શુદ્ધોપયોગ કહે છે. તેનો સ્વભાવ શું છે તે થોડું બતાવે છે. આ અધિકાર થોડો ઝીણો છે. ટીકા ફરીથી.

અહીં જ્ઞાનીને એટલે કે કેવળજ્ઞાનીને **સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું,** તે સ્વને પણ જાણે અને પરને જાણે, એવો તેનો સ્વભાવ છે. આ સ્વરૂપનું પ્રકાશકપણું **કથંચિત્ કહ્યું છે.** એટલે કે કોઈ અપેક્ષાએ વ્યવહારથી પરને જાણે, કોઈ અપેક્ષાએ વ્યવહારથી પોતાના જ્ઞાન સિવાય બીજા ગુણને પણ જાણે. તે નિશ્ચય છે. પોતાના જ્ઞાનને જાણે અને ગુણોને જાણે તે નિશ્ચય છે. છે જ્ઞાનથી પર, છતાં તે વ્યવહારનય પણ નિશ્ચય છે. આહા!

અને જ્ઞાન પોતાને જાણે અને પરને જાણે તે વ્યવહાર છે. ચૈતન્યનો સ્વભાવ શું છે તે વર્ણવે છે. આ ચૈતન્ય અંદર જ્ઞાનસૂર્ય છે. તેની પૂર્ણ દશા પ્રાપ્ત થતાં નિશ્ચય પણ સ્વ-પર પ્રકાશક જ છે. વ્યવહારથી પરપ્રકાશક છે. નિશ્ચયથી સ્વ પોતાને અને પોતાના ગુણોને પ્રકાશે છે. એવો સ્વ-પર પ્રકાશક નિશ્ચયથી પણ આત્મા છે. સમજાણું કાંઈ? તે કોઈનો કરનાર નથી અને કોઈથી એમાં કાર્ય થાય એવો તે નથી. એ તો સ્વ-પરના સ્વરૂપને જાણવાના પ્રકારે વ્યવહાર હોય તો પરમાં તન્મય થયા વગર જાણે. માટે વ્યવહારે જાણે એમ કહેવું છે. પોતાના સ્વરૂપને જાણે તે તન્મય થઈને જાણે છે, માટે તેને નિશ્ચય કહ્યો.

મુમુક્ષુ :- વ્યવહાર એટલે ખોટું.

ઉત્તર :- વ્યવહાર એટલે ઉપચાર. નિશ્ચયની અપેક્ષાએ તો ઉપચાર છે. પરને જાણવું તે ઉપચાર છે. સ્વ-પરનું જ્ઞાન પોતાનું છે તે નિશ્ચય છે. પણ આ પરને જાણે એમ જે ઉપચાર કરવો તે વ્યવહાર છે.

'પરાશ્રિતો વ્યવહારઃ (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, ભગવાનનું વચન છે. **વ્યવહારનયથી તે ભગવાન, સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર પરમભટ્ટારક,** પરમસૂર્ય **આત્મગુણોનો ઘાત કરનારા ઘાતિકર્મોના નાશ વડે,** એ બધો અર્થ થઈ ગયો છે. બે દિવસ પહેલાં થઈ ગયો છે. **ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે,** ભગવાનઆત્મા પરમેશ્વરનું જ્ઞાન એક સમયનું **સકળ-વિમળ કેવળજ્ઞાન અને**

કેવળદર્શન વડે ત્રિલોકવર્તી, ત્રણકાળમાં વર્તનારા પદાર્થો અને ત્રિકાળવર્તી ત્રણલોકમાં વર્તનારા પદાર્થો તેને એક સમયમાં જાણે અને દેખે.

સચરાચર, કોઈ ગતિમાન અને કોઈ સ્થિર એવા **દ્રવ્યગુણપર્યાયોને,** દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે તેની શકિત-સ્વભાવ, પર્યાય એટલે તેની દશા તેને **એક સમયે જાણે છે અને દેખે છે.** ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ અને ત્રણલોક તેના દ્રવ્ય,ગુણ અને પર્યાય એક સમયમાં જાણવામાં આવે છે. સમજાણું કાંઈ?

ત્રણકાળવર્તી પદાર્થને જાણે, ત્રણેકાળને જાણે. જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે ત્રણકાળને જાણે. પ્રભુ! ત્રણકાળને જાણે તો તો ગયા કાળમાં અવસ્થા થઈ ગઈ આદિ નથી. તેને પણ જાણે. ભવિષ્યની અવસ્થાનો ક્યાંય અંત નથી તેને જાણે અને જે સમયે વર્તમાન મધ્યમાં જે સમયે જે દ્રવ્યની જે પર્યાય જે કાળે જે પ્રકારે થાય તેને જાણે. સમજાણું કાંઈ?

ક્રમબદ્ધ જે પર્યાય થાય તેને જાણે એમ કહે છે. જગતના પદાર્થો સમયે સમયે જે તેનો ક્રમ છે તે પ્રકારે તે પરિણમ્યા જ કરે છે. પરિણમવામાં વર્તમાનમાં કયાંય તેને અટકવું છે એમ નહીં, ધારાવાહી પરિણમે છે. તેમાં જે સમયે જે અવસ્થા થવાની તે થવાની છે, તેને કેવળજ્ઞાની જાણે-દેખે છે. સમજાણું કાંઈ?

આવું શ્રદ્ધા કરનાર પોતે ધર્મી જીવ હું એક જ્ઞાયક આત્મા છું અને જે સમયે મારી અને પરની અવસ્થા થાય તેને હું જાણનાર છું, દેખનાર છું એમ ધર્મી સમ્યગ્દષ્ટિ જીવ એમ જાણે અને માને છે. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ છે, ભાઈ! કેવળજ્ઞાનીનો માર્ગ એટલે કે આત્માના સ્વભાવનો માર્ગ સૂક્ષ્મ છે. અહીં કહે છે કે, ત્રણલોકમાં વર્તનારા અને ત્રણકાળમાં રહેનારા વર્તનારા બધાને કેવળજ્ઞાન જાણે. એનો અર્થ શું થયો? કેવળજ્ઞાની તો જે પ્રકારે જાણે છે તે પ્રકારે સામે થાય છે અને થાય છે તે પ્રકારે, આઘુ પાછું કાંઈ થાય નહીં. એનો અર્થ એ થયો. આહા! સમજાણું કાંઈ?

આવી કેવળજ્ઞાન અને કેવળદર્શનની સ્વ અને પરને જાણવાની શકિત આ રીતે એ જે અંદરમાં માને-જાણે તેની દષ્ટિ સ્વભાવસન્મુખ થાય. સ્વભાવસન્મુખ થતાં તેને પર્યાયમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય. એ સમ્યગ્જ્ઞાનમાં ધર્મી એમ જાણે અને માને, કે જે સમયે જે અવસ્થા મારી અને પરની થવાની તે થાય છે. પરની તો કરી શકું નહીં પણ મારી કરું એવો એને વિકલ્પ જ્ઞાનીને હોય નહીં. સમજાણું કાંઈ? ઝીણું ઝીણું બહુ ઝીણું. તત્ત્વ એવું સૂક્ષ્મ છે.

એ વ્યવહારે જાણે એમ કહ્યું અહીં તો. પરની અપેક્ષા આવી ને? કેવળજ્ઞાનીનું જ્ઞાન સ્વ અને જાણે પરને, એ ઉપચાર વ્યવહાર થયો. સમજાણું કાંઈ? એટલે એનો અર્થ એવો નથી કે વ્યવહારે પરને જાણે એટલે પરનું જાણવું જ ખોટું છે એમ નથી. પરનું જાણવું અને સ્વનું જાણવું એ તો પોતામાં, પોતાથી

થયેલું સાચું છે. પણ પરને જાણવું એમ કહેવું એટલો ઉપચાર છે. સમજાણું કાંઈ? આરે! ભારે વાત!

શુધ્ધનિશ્ચયથી, એ વ્યવહારથી વાત કરી. એ વાત બે દિ' પહેલાં આવી ગઈ છે. છઠ, છઠ. સાતમ-આઠમે પહેલાં વંચાણું નહોતું ને? પણ ખરેખર યથાર્થ દૃષ્ટિથી નિશ્ચયથી **પરમેશ્વર મહાદેવાધિદેવ,** તીર્થંકર સર્વજ્ઞ આદિ પરમેશ્વર, **સર્વજ્ઞવીતરાગ** એક સમયમાં સર્વજ્ઞ પૂર્ણ જાણે અને વીતરાગ તેને **પરદ્રવ્યના ગ્રાહકત્વ,** પરને ગ્રહવું, પરને દેખવું કે પરનું જાણવું વગેરેના **વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ, મૂળધ્યાનમાં અભાવરૂપ છે.** મૂળ એમ કહેવું છે કે એને પરને ગ્રહવું, પરને જાણવું અને પરને દેખવું, એ એનામાં છે નહીં. જરી અંદર ભૂલ છે ને, એણે એમ લખ્યું છે અશુધ્ધિને.. પરમેશ્વર એક સમયમાં પરને જાણે કે ગ્રહે એવું છે નહીં. પરને તો અડતા પણ નથી. પોતાનું જ્ઞાન એ પરને તો અડતું પણ નથી. છતાં તેને તન્મય થઈને જાણતો નથી. ભિન્ન થઈને જાણે એટલે એને વ્યવહાર કહ્યો. પોતાને તન્મય થઈને પોતાને જાણે છે.

તે ભગવાન, પરનો ગ્રાહક જ્ઞાયકત્વ જાણવું કે દેખવું એવું એનામાં નથી. એમ કહે છે. **તે ભગવાન ત્રિકાળ નિરુપાધિ,** પોતે. ભગવાનઆત્મા ત્રિકાળ નિરુપાધિ આત્મા છે. **નિરવધિ, અમર્યાદિત છે.** મર્યાદા કેવી. આત્મા તો ત્રિકાળ રહેનાર છે ને. નિત્યશુધ્ધ એવા સહજજ્ઞાન અને સહજદર્શન વડે, ઓલામાં એમ હતું કે **સકલવિમલ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે, એવા સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને,** નિજ કારણપરમાત્મા એટલે વસ્તુ, ત્રિકાળી પોતાનું સ્વરૂપ દૃઢ, અવિનાશી રહેનારું. એવો જે કારણપરમાત્મા એટલે કારણજીવ એટલે ધ્રુવસ્વરૂપ.

પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ, જાણે છે અને દેખે છે. આ તો ત્રિકાળી વડે. નિત્યશુધ્ધ સહજજ્ઞાન સહજદર્શન જે ત્રિકાળ, **તે વડે નિજ કારણપરમાત્માને** એટલે કે અંદર સ્વાભાવિક જ્ઞાન અને દર્શન જે નિત્ય છે એ વડે ત્રિકાળી દ્રવ્યને જાણવા-દેખવાનો જેનો સ્વભાવ છે. **પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ,** વર્તમાનમાં કેવળજ્ઞાન-કેવળદર્શન એવી કાર્યદશા, **કાર્યપરમાત્મા હોવા છતાં પણ જાણે છે અને દેખે છે.** એ ત્રિકાળી જ્ઞાન ને દર્શન વડે ત્રિકાળી દ્રવ્યને જાણે એમ કહે છે.

મુમુક્ષુ :- ત્રિકાળીમાં કાર્ય જ નથી.

ઉત્તર :- કાર્યની વાત કયાં કીધી? જાણે છે, એમ દેખવાનું કહ્યું. ત્રિકાળીને ત્રિકાળી જ્ઞાન-દર્શન વડે જાણે છે, દેખે છે, બસ એટલું.

કાર્યપરમાત્મા તો પર્યાય થઈ. કાર્યપરમાત્મા હોવા છતાં એમ. પર્યાયમાં કાર્યપણું પ્રગટ હોવા છતાં ત્રિકાળી જ્ઞાન-દર્શન વડે ત્રિકાળીને જાણે-દેખે છે. એમ કહે છે. અટપટી વાત છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ! એનું જ્યાં પૂર્ણરૂપ પ્રગટ થયું કાર્ય. એ કાળે પણ અંતરના **સહજજ્ઞાન-દર્શન વડે**, અંતરના. **પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ,** એટલી વાત અહીં તો છે. કાર્યપરમાત્મા વડે જાણે એમ અહીં નથી લેવું. એય!

વસ્તુ જે આત્મા છે એ અવિનાશી અનાદિઅનંત. વસ્તુ છે ને અંદર આત્મા. એ તો અનાદિ અનંત આદિ નહીં ને અંત પણ નહીં. હવે તેનો જ્ઞાન-દર્શન પણ આદિ-અંત વિનાનો ત્રિકાળીસ્વભાવ. એ કેવળજ્ઞાની કાર્યરૂપ દશા હોવા છતાં તેના ત્રિકાળી જ્ઞાન ને દર્શન વડે નિત્યદ્રવ્યને જોવે, કારણપરમાત્માને જાણે અને દેખે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાનનો પ્રકાશ જ્યાં પૂર્ણ પ્રગટ થઈ ગયો. ઓલામાં એમ કહ્યું હતું કેવળજ્ઞાન-કેવળદર્શન કાર્યથી ત્રણકાળ, ત્રણલોકને દેખે છે, એમ કહ્યું હતું. આ કાર્યપણું દશા હોવા છતાં ભગવાન પોતે અંતરના નિત્ય સહજશુદ્ધ જ્ઞાન-દર્શન વડે કારણપરમાત્માને જાણે ને દેખે છે. સમજાણું કાંઈ? બાપુ! જાણવાની ઈ જ કળા ઝીણી બહુ છે. આહાહા! આ પુણ્ય-પાપના વિકલ્પો જે છે રાગ એ તો ચીજ જ પર છે. એ આત્માની ચીજ નથી.

પુણ્ય ને પાપના ભાવ શુભ ને અશુભ, એ કાંઈ આત્માની ચીજ નથી. એની ચીજ તો દર્શન ને જ્ઞાનસ્વરૂપ છે. હવે એ દર્શનજ્ઞાનસ્વરૂપ કાર્યરૂપે થાય તો કહે છે કે લોકાલોક ને ત્રણકાળ ને ત્રણલોકને જાણે અને દેખે. એ વસ્તુ પોતે ત્રિકાળ દર્શન ને જ્ઞાન છે એનો સ્વભાવ એ વડે એને ત્રિકાળી કારણપરમાત્માને જાણે ને દેખે છે. સમજાણું કાંઈ? જાણે-દેખે એટલે કે એનો એવો સ્વભાવ જ છે. આહાહા! ભારે વાત ભાઈ!

કઈ રીતે? કે આ જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વપર-પ્રકાશકપણું છે. ભગવાનઆત્મા તેનો જ્ઞાનસ્વભાવ દીવાની માફક સ્વપર-પ્રકાશક છે. સમજાણું કાંઈ? સ્વને અને પરને જાણે-પ્રકાશે એવો એનો સ્વભાવ છે. **ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન,** પછી છે ને કથંચિત્ ભિન્ન, એટલે નાખ્યું અહીં. આમાં તો કથંચિત્ નથી. પછી છે ને ઓલા કળશનું. એટલો આધાર આપ્યો છે, પ્રમિતિ છે ને કળશમાં. પ્રમિતિથી જ્ઞપ્તિ કથંચિત્ ભિન્ન. પછી છે ને કળશમાં. કથંચિત્ પ્રમિતિ પૃથક હો, એનું અહીં નાખ્યું છે. જરીક ઝીણું છે, હોં!

ઘટપટની પ્રમિતિ એટલે કે ઘટપટ જે પ્રકાશે પરપદાર્થને એવી જે ક્રિયા એ પ્રકાશ-દીવો કથંચિત્ ભિન્ન છે. એ દીવામાં ઘટપટને પ્રકાશવાની જે ક્રિયા એનાથી કથંચિત્ ઈ ભિન્ન છે. એક સમયનો છે ને પ્રકાશ તો. ત્રિકાળીવસ્તુ ભિન્ન છે. આ અધિકાર આખો ઝીણો છે થોડો. જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક સ્વપર-પ્રકાશક છે. ઘટાદિની-ઘટપટની પ્રમિતિ એને પ્રકાશવું જે દીવામાં, એવી પ્રમિતિ, દીવાની પ્રકાશવાની ક્રિયા, એ ક્રિયાથી દીવો કથંચિત્ ભિન્ન છે. કારણ કે પ્રકાશવાની ક્રિયા એક સમયની છે અને

દીવો કાયમનો છે. સમજાણું કાંઈ?

જગતના જાણપણા કરવા હોય તો ઊંડા ઊંડા ઉતરે અંદર, રખડવાના. આ ભગવાન શું આત્માને કહે છે એની એને ખબર નથી. એ આત્માનો સ્વભાવ શું, આત્મા શું કરી શકે, તેની તાકાત શું અને પરને જાણવું એ શું, સ્વને જાણવું એ શું, એની ખબર વિના એનું કલ્યાણ થાય, ત્રણકાળમાં થાય નહીં. આહાહા! કહે છે કે **ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી સ્વ અને પરને પ્રકાશે છે.** લ્યો! દીવો સ્વને અને પરને પ્રકાશે છે. **આત્મા પણ જયોતિસ્વરૂપ હોવાથી,** ચૈતન્યજયોત ઝળહળ બળતી જયોત ચૈતન્ય છે. **વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.** લ્યો! આ વ્યવહારની વાત કરી.

ત્રણલોક અને ત્રણકાળરૂપ પરને અને સ્વયં પોતાને પ્રકાશે છે. પરને પ્રકાશે છે તે વ્યવહાર, સ્વને પ્રકાશે તે નિશ્ચય. એમ કરીને બેય ભેગું સ્વપર-પ્રકાશકપણું વ્યવહારે કહેવામાં આવ્યું છે. પર આવ્યું ને ભેગું એટલે. કહો, આ અરિહંતનું આવું સ્વરૂપ છે એમ બતાવે છે. આમ ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કરે અને અરિહંત કેવા એની ખબર ન મળે. અરિહંતનું કેવળજ્ઞાન અને કેવળદર્શન આવું હોય છે. પરને પ્રકાશે એમ કહેવું અને પ્રકાશની ક્રિયા એની જે એક સમયની એનાથી પણ એ ત્રિકાળી વસ્તુ ભિન્ન છે. સમજાણું કાંઈ? લ્યો!

અને પોતે પોતાને જાણે, વળી કેવળજ્ઞાન, કેવળદર્શન વડે સ્વને જાણે એમ ન લીધું ત્યાં. ભાઈ! આમ જાણે વ્યવહારને, આમ આમ પોતાને પોતાના જ્ઞાન-દર્શનના ત્રિકાળીથી જાણે (તે) નિશ્ચય, એમ લીધું. નહીંતર કાર્યથી કારણને જાણે, કેવળજ્ઞાનથી પોતાને જાણે એ નિશ્ચય, કેવળજ્ઞાનથી પરને જાણે એ વ્યવહાર એમ ન લીધું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્ય પ્રકાશનું નૂરનું પૂર એ પૂર્ણ પ્રાપ્ત થતાં કહે છે કે સ્વ ને પરને જાણે તેમાં પરને જાણે કહેવું એ વ્યવહાર થયો. અને સ્વને જાણે એટલે કે કેવળજ્ઞાન દ્વારા સ્વને જાણે એ નિશ્ચય, એ અહીં વાત નહીં. સમજાણું કાંઈ?

વર્તમાન જ્ઞાનની પર્યાય પરને લોકાલોકને જાણે એમ કહેવું એ વ્યવહાર-ઉપચાર છે. કેમકે તેમાં તન્મય નથી માટે, અને તેનું જ્ઞાન ને દર્શન જે સ્વભાવ કાયમનો ત્રિકાળી એનામાં કારણને જાણવાની શકિત છે તે એને જાણે-દેખે એ નિશ્ચય (શ્રોતા :- નિશ્ચય-વ્યવહારના ભાંગા ઘણા)

મુમુક્ષુ :- ધ્રુવ ધ્રુવને જાણે...

ઉત્તર :- હા, ધ્રુવના ગુણથી ધ્રુવ ત્રિકાળીને જાણે. એટલો ભેદ પડયો ને? એના ધ્રુવ ગુણથી ગુણીને જાણે એમ ભેદ પાડયો એ નિશ્ચય. અને પર્યાય પરને જાણે એ વ્યવહાર. પર્યાય સ્વને જાણે એમ ન લીધું. અહીં નથી.

મુમુક્ષુ :- અહીં તો સ્વને (જાણે) તે લીધું તે પણ પર્યાયમાં લીધું, વ્યવહારમાં લીધું.

ઉત્તર :- કહો, સમજાણું કાંઈ? આવું એનું સ્વરૂપ જ છે. રાગ ને દ્વેષ ને વિકલ્પો તેની ચીજમાં છે નહીં. આ શરીર, વાણી આ તો જડ માટી છે. એ તો એમાં છે નહીં. પણ આ પુણ્ય ને પાપ, શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને હિંસા, જૂઠું, ચોરીના ભાવ એ આત્મામાં છે નહીં. સમજાણું કાંઈ? જો હોય તો કેવળજ્ઞાન થાય નહીં. એમાં નથી માટે છૂટીને એકલું કેવળજ્ઞાન થઈ જાય છે.

એવા જ્ઞાનનો સ્વભાવ પણ પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા! પરને કરવું એ વ્યવહાર એ તો છે નહીં. શું કીધું? સમજાણું? જ્ઞાન રાગને કરે કે લોકને કરે એવું તો છે નહીં. આહાહા! ધર્મી જીવને પણ વચમાં રાગ આવે એને કરે એવું સ્વરૂપમાં નથી એના. એને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પરિપૂર્ણ પ્રભુ આત્મા પ્રતીત ને અનુભવમાં જ્ઞેય તરીકે જણાણો. એનો એવો સ્વભાવ જણાણો, કે એ પોતે પોતાને જાણે એ નિશ્ચય, આહાહા! અને એ પર્યાય રાગને જાણે એ વ્યવહાર. એ પર્યાય રાગને રચે, ધર્મીની જ્ઞાનદશા રાગને રચે એવું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? રાગને રચે તો તો રાગવાળો અને વિકારવાળો આખો થઈ ગયો. એ તો આખો જ્ઞાન ને દર્શનવાળો છે. સમજાણું કાંઈ?

એવો ભગવાન.. અહીં તો ત્રિકાળી જ્ઞાન-દર્શન વડે ત્રિકાળીને જાણે-દેખે એ નિશ્ચય કીધો. એનો સ્વભાવ છે ને. ગુણનો સ્વભાવ છે ને પૂર્ણ, પૂર્ણ તો પૂર્ણને જાણે. સમજાણું કાંઈ? અને એક સમયની પર્યાય એ તો વ્યવહાર છે. ત્રિકાળની અપેક્ષાએ તો વ્યવહાર થયો એનો ઈ. શું કીધું? કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર થયો અને એ વ્યવહાર પરને જાણે એ વ્યવહાર કહ્યો. એ વ્યવહાર સ્વને જાણે એ વાત અહીં ન લીધી. કારણ કે ઓલો પર્યાય વ્યવહાર છે ને.

મુમુક્ષુ :- એ વ્યવહારમાં આવી જાય, હું સ્વને જાણું છું.

ઉત્તર :- સ્વને જાણે એ એમાં આવ્યું નથી. આમાં એ નથી આવ્યું.

મુમુક્ષુ :- સ્વયં પ્રકાશમાન આત્માને પ્રકાશે છે.

ઉત્તર :- આત્માને પ્રકાશે છે એ આવ્યું. બસ. એ આત્માને ઓલું દ્રવ્ય જ્ઞાન છે એ પ્રકાશે છે. એમ. એમ આવ્યું ને? સ્વયં પ્રકાશમાન. સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને પ્રકાશે છે. એમ સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને પ્રકાશે છે.

મુમુક્ષુ :- એ વ્યવહાર થયો કે નિશ્ચય?

ઉત્તર :- એ તો વ્યવહારથી થયો એ તે. વ્યવહારથી આવ્યું ને. વ્યવહાર નાખ્યો ને. વ્યવહારથી, એક સમયની પર્યાય આને જાણે એ પણ વ્યવહાર થઈ ગયો ને. પર્યાય પોતે વ્યવહાર છે ને, એટલી અપેક્ષા લીધી છે. ઓલો નિશ્ચયમાં ન લીધું એમ મારું કહેવું છે. વ્યવહારથી છે ને. વ્યવહારથી ત્રિલોક,

ત્રિકાળ પરને અને સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને પ્રકાશે છે. એમ કહ્યું છે ને. સ્વયં પ્રકાશમાન વ્યવહારથી ને નિશ્ચયથી ને એમ નથી કહ્યું. નિશ્ચયમાં તો આ જ લીધું.

જ્ઞાન-દર્શન સ્વભાવ ત્રિકાળ ત્રિકાળને જાણે. એમ. ભારે વાત ભાઈ! એક સમયની પર્યાય નિશ્ચયથી આને જાણે એમ ન લીધું. વ્યવહારથી એમ કહ્યું ને? એ વળી પછી લેશે આખું. વ્યવહારથી ત્રિલોક, ત્રિકાળરૂપ પરને અને વ્યવહારથી સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને, એમ થયું ને? એ વ્યવહાર સાથે ગયો ને ત્યાં. હેં? નિશ્ચયથી નહીં, એમ મારું કહેવું છે અહીં તો. એની પર્યાય દ્રવ્ય-ગુણને જાણે. આખાને, ત્રણેકાળ પોતાના દ્રવ્યગુણપર્યાયને જાણે, એમ ન લીધું.

પર્યાય છે એ, દ્રવ્યગુણપર્યાય પોતાને ત્રણેને જાણે એ નિશ્ચય, એમ ન લીધું. પર્યાય આ આત્માને આમ જાણે આ પર્યાય એ વ્યવહારમાં નાખી દીધું, અને એ પર્યાય પરને જાણે એ પણ વ્યવહારમાં નાખી દીધું. સમજાણું કાંઈ? સ્વને પ્રકાશે વિષય એમ આવવો જોઈએ. દ્રવ્ય-ગુણ એ આવશે ને પછી આવશે આમાં જ આવશે. સ્વઆશ્રિતમાં એ આવશે. નિશ્ચયથી સ્વપર-પ્રકાશક છે. કઈ રીતે એ બીજી રીત લીધી છે ત્યાં. આ જ ગાથાનો અર્થ છે ત્યાં તો. આ તો અહીં છે ને, જુઓને!

આ બે પદની વ્યાખ્યા થઈ. **जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं** એ વ્યવહારની વાત થઈ. **केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं** એ પછીનો પેરેગ્રાફ આવશે. સમજાણું કાંઈ? આરે! આવું ક્યાં? નવરાશ આવી ક્યાં છે આમાં? નવનીતભાઈ! ઓલા સંચા આડે આમાં નવરાશ ક્યાં હતી? આહાહા! કોઈકના કરવાના વિકલ્પમાં નવરાશ ન મળે. કરી શકે નહીં. હોં! એ કારખાના બારખાના આત્મા કરે, હલાવે ત્રણકાળ, ત્રણલોકમાં નહીં. એને જાણે એમ કહેવું એ વ્યવહાર છે હજી તો. કરવાની તો વાત પણ ક્યાં? આહાહાહા! એવી વાત ભાઈ! સમજાણું કાંઈ?

અને નિજ પર્યાય એને જાણે, કે આમ થાય છે, થાય છે એ વ્યવહાર છે. કારણ કે એમાં તન્મય થઈને જાણતો નથી માટે વ્યવહાર છે. અને એ જ્ઞાનની પર્યાય પોતાના દ્રવ્યગુણપર્યાયને જાણે બધું આખું. એ વ્યવહારમાં જાય છે. આહાહા! પર્યાય સિવાય બીજું આવ્યું ને દ્રવ્ય-ગુણ. ભારે વાત ભાઈ! ઓહોહો! નહીંતર તો એમ આવે કે ભઈ, સ્વપ્રકાશકમાં આખા પોતાના દ્રવ્યગુણને પ્રકાશે કેવળજ્ઞાન, અને પરપ્રકાશમાં પરને પ્રકાશે. એ ડોકટર! આવું બધું કોઈ દિ' ત્યાં સાંભળ્યું નથી. એ ત્યાં સૂરતમાં. રાત્રે બહુ ખુશી થતા હતા. આવું સાંભળવા મળે એ પણ મહાભાગ્ય અને યોગ્યતા છે. એવી વાત છે. આ તો માર્ગ છે અંતરના બાપુ! આહાહા! ગજબ વાત છે.

આત્માને પ્રકાશે એમ તો લીધું, નાખ્યું વ્યવહારમાં. સમજાણું? પર્યાયનો અંશ છે ને. પ્રકાશક છે ને. સ્વયં પ્રકાશરૂપ આત્માને પ્રકાશે પોતાને પ્રકાશે. એ પણ વ્યવહારમાં નાખી દીધું. આહાહા! એ પહેલાં બે પદની જ વ્યાખ્યા છે આ. ઓલામાં નાખ્યું કાર્યપરમાત્મા પર્યાયરૂપે પ્રગટ હોવા છતાં એના ત્રિકાળી

જ્ઞાન-દર્શન વડે કારણને જાણે એ નિશ્ચય. એમ કીધું. સમજાણું કાંઈ?

હવે ૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ- લ્યો! ભિન્ન કહેશે ને, ક્રિયા ભિન્ન કહેશે ને એની, એટલે પછી વ્યવહાર કર્યો એમ. ભિન્ન કીધી ને.

यथावद्वस्तुनिर्णीतिः सम्यग्ज्ञानं प्रदीपवत् ।
तत्सवार्थव्यवसायात्म कथंचित् प्रमितेः पृथक् ।।

લ્યો! ન્યાં ખુલાસો કરી નાખ્યો.

વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. ભગવાનઆત્મા અને પર જેવી વસ્તુ છે તેવો નિર્ણય તે સમ્યગ્જ્ઞાન. **તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર)પદાર્થોના નિર્ણયસ્વરૂપ છે.** જોયું? સ્વ ને પરના નિર્ણયસ્વરૂપ છે. **તથા પ્રમિતિથી, જ્ઞપ્તિથી** એટલે જાણવાની ક્રિયાથી **કથંચિત્ ભિન્ન છે.** જ્ઞપ્તિ-જાણવાની ક્રિયા અર્થ કર્યો છે પ્રવચનસારમાં. જ્ઞપ્તિનો અર્થ. આણે વળી પ્રમિતિનો અર્થ એવો કર્યો છે, ભાઈએ. પ્રમાણનું ફળ, શીતલપ્રસાદે. આ પ્રમિતિ એટલે જાણવાની ક્રિયા મૂળ તો. જાણવામાં આવ્યું બધું. એમ. ફળ છે ને બીજું શું? આમ તો પ્રમાણનું ફળ વીતરાગતા કીધી છે. તે અહીં નથી. બીજે છે.

વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન સ્વ-પરને નિર્ણયાત્મકસ્વરૂપ દીવાની માફક છે. નિર્ણયાત્મકસ્વરૂપ દીવાની માફક. અને પ્રમિતિથી જ્ઞપ્તિની ક્રિયાથી કથંચિત્ સમ્યગ્જ્ઞાન ભિન્ન છે. એમ થયું ને? સમજાણું કાંઈ?

એ જાણવાની ક્રિયા, અહીં તો નિર્ણય કીધો એ પણ સમ્યગ્જ્ઞાન છે. પ્રગટ છે. એ બેય પ્રગટ છે. **તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર)પદાર્થોના નિર્ણયસ્વરૂપ છે, તથા પ્રમિતિથી,** તે જાતની જાણવાની ક્રિયા. એનાથી તે જ્ઞાન કથંચિત્ ભિન્ન છે એમ કીધું. જ્ઞાનનું પ્રમાણપણું, સ્વ-પરનું જાણવું એ કથંચિત્ જ્ઞાનથી જાણવું ભિન્ન કહ્યું. પ્રમાણરૂપ કરીને ભિન્ન કહ્યું. પ્રમાણનું ફળ જાણવું છે. છે તો એ જ ક્રિયા. જાણવાની ક્રિયા જ્ઞાનથી કથંચિત્ ભિન્ન છે.

આમ તો જાણવાની તો અહીં વર્તમાન નિર્ણયાત્મક પર્યાય લીધી છે. છે ને? કારણ કે વસ્તુનો નિર્ણય, એ વર્તમાન પર્યાય લીધી. ત્રિકાળ નથી લીધી. **તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર)પદાર્થોના નિર્ણયસ્વરૂપ છે,** વર્તમાનરૂપ છે. આહાહા!

મુમુક્ષુ :- ત્રિકાળ આમાં લીધું છે તેવું બીજે કયાંય કોઈ શાસ્ત્રમાં નથી લીધું.

ઉત્તર :- તથા પ્રમિતિથી કથંચિત્ ભિન્ન છે. લ્યો!

મુમુક્ષુ :- પર્યાય પર્યાયથી ભિન્ન છે.

ઉત્તર :- જાણવાનો પ્રકાર થયો ને. પાઠમાં છે ને. **कथंचित् प्रमितेः पृथक्** એથી પછી ખુલાસો કરવો પડયો ને. પહેલાંની ગાથાનો કર્યો ને.

મુમુક્ષુ :- કથંચિત્ એટલે શું કીધું?

ઉત્તર :- કોઈ અપેક્ષા. હા, કોઈ અપેક્ષા.., કોઈ અપેક્ષા. કારણ કે પૂરું રૂપ જાણવાની ક્રિયા થઈ એ પૂરું રૂપ એનું જ્ઞાન નથી. એમ. કથંચિત્ એનું ભિન્ન છે. જ્ઞાનનું પૂર્ણ રૂપ, જ્ઞાનનું પરિણમન એક અપેક્ષાએ ભિન્ન કીધું. એ વ્યવહારમાં સમજાવ્યું. એ વ્યવહાર માટે દાખલો આપ્યો. એ શ્લોક તો વ્યવહારને સિદ્ધ કરવા. પહેલો પેરેગ્રાફ એને સાબિત કર્યો. હવે બીજો (પેરેગ્રાફ) જરી આ ઝીણું ખરું.

જ્ઞાનની પર્યાય એને જાણવાની ક્રિયાથી કથંચિત્ કોઈ અપેક્ષાએ ભિન્ન, જાણવાની ક્રિયા જ્ઞાનની પર્યાયથી, જ્ઞાનનો પર્યાય છે એમાં જાણવાની ક્રિયા એટલે જાણવાની ક્રિયા તો સ્વ-પરની બધી પોતાની છે આખી. છતાં કથંચિત્ ભિન્ન કહ્યું છે. કથંચિત્, સર્વથા નહીં. પરને જાણે છે ને. એમ નિર્ણય કર્યો ને. સ્વને પરને જાણવાની ક્રિયા એમ કીધી ને?

મુમુક્ષુ :- આને જાણું આને જાણું આને જાણું. એ જાણવારૂપ ક્રિયા..

ઉત્તર :- એમાં પરનું જાણવું આવ્યું ને? તોપણ ઝીણું પડે છે. પાઠમાં પરનું જાણવું આવ્યું ને? આ આ આ આ આ. એનાથી એ જાણવાની ક્રિયા જ્ઞાનથી, જાણવાના ભાવથી આને આને જાણું એ કથંચિત્ ભિન્ન કહેવામાં આવ્યું છે. આમ છે. વિશેષ વિચાર્યું નથી એમાં. કહો, સમજાણું કાંઈ? આ તો ગંભીર વસ્તુ છે. કહો, રતિભાઈ!

મુમુક્ષુ :- રતિભાઈ મોકામાં આવ્યા છે.

ઉત્તર :- મોકામાં આવ્યા છે. મોકામાં તો કાલ બપોરે હતું. આહાહા!

અરેરે! આમાં રાગના સંબંધથી શું થયું આ પરસમય. એમ બપોરે આવ્યું. એકપણામાં દ્વિવિધપણું ક્યાંથી આવ્યું પણ? આહાહા! આ તો વ્યવહારે વ્યવહારની વાત કરે છે. આ કાંઈ નિશ્ચયથી નથી આ. એનો જે સ્વ-પરના નિર્ણયનો જ્ઞાનનો પર્યાય, સ્વ-પરને જાણવાની જ્ઞપ્તિનો જે પર્યાય તે જાણવાની ક્રિયા, આ આ આ એમ જરી થયો ને ભેદ એટલો. એ અપેક્ષાએ કથંચિત્ ભિન્ન કહેવામાં આવ્યું છે. એકરૂપતામાં આનો આ આ આ આ એને કથંચિત્ ભિન્ન કહેવામાં આવે છે. એમ આવે છે અંદરથી તો હવે. આકરું કામ. આગળ હાલે ત્યારે ખરું. એવી વાત છે ભાઈ! એ વ્યવહાર થયો ઈ.

હવે સ્વાશ્રિતો નિશ્ચયઃ, બીજા પદની વ્યાખ્યા છે. **केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं નિશ્ચય સ્વાશ્રિત છે.** વ્યવહાર એ પરાશ્રિત છે. **એવું (શાસ્ત્રનું) વચન હોવાથી** આત્માના **(જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે,** ઉપરાગ રહિત નિર્વિકારી કેવળજ્ઞાન છે. નિશ્ચયપક્ષે પણ એમ કે ઓલું વ્યવહારપક્ષે સ્વપર-પ્રકાશકપણું કહ્યું હતું. એથી

અહીં કથંચિત્ નાખ્યું હતું પહેલું. હવે **નિશ્ચયપક્ષે પણ સ્વપર-પ્રકાશકપણું છે જ.** ભગવાનઆત્માને સ્વાશ્રિતમાં પણ સ્વપર-પ્રકાશકપણું છે. પરાશ્રિતપણામાં સ્વપર-પ્રકાશકપણું હતું એ બીજી અપેક્ષા હતી. એ પરને જાણવાની અપેક્ષાએ વ્યવહાર કહ્યો હતો. સમજાણું કાંઈ? અહીં પર પોતાના જ ગુણોને જાણવું એવું સ્વપર-પ્રકાશક નિશ્ચયપક્ષમાં છે. સમજાણું કાંઈ?

સતત, નિરંતર **નિરુપરાગ,** રાગ વિનાનો **નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે,** ભગવાનનું જ્ઞાન નિશ્ચયપક્ષે પણ સ્વપર-પકાશકપણું છે જ. આહાહા! તે આ પ્રમાણે, **સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં,** શું કીધું? આત્મા અને જ્ઞાન બે નામ પડયા ને ભિન્ન. સંજ્ઞા પડયાને બે નામ, આમ. એક આત્મા અને જ્ઞાન. નામ, સંજ્ઞા ભિન્ન પડયું ને? પ્રયોજનથી ભિન્ન. આત્માનું પ્રયોજન અહીં જ્ઞાનનું પ્રયોજન એવું સંજ્ઞા, લક્ષણ, લક્ષણ ભિન્ન. જ્ઞાનનું લક્ષણ જાણવું, દ્રવ્યનું લક્ષણ બધાને રાખવું.

પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં, કોણ? એ આત્મા અને જ્ઞાન. એનું, એનું ને એનું હોં! આત્મા અને જ્ઞાન એ આત્માથી **સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં, વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી.** જ્ઞાન અને આત્મા બેય અભિન્ન છે.

વસ્તુવૃત્તિએ, વસ્તુના સ્વરૂપે જુઓ તો જ્ઞાન ને આત્મા એક છે પણ નામભેદે, લક્ષણભેદે, પ્રયોજનભેદે બેયમાં ભેદ છે. આહાહા! રાગ ને પુણ્યની તો વાત જ કયાં કરવી? અહીં તો જ્ઞાન ને આત્મામાં સંજ્ઞા, લક્ષણ ને પ્રયોજન એ બે ભેદ છે. છતાં વસ્તુવૃત્તિએ એક છે. આત્માના પ્રદેશો જુદા અને જ્ઞાનના પ્રદેશો જુદા એમ નથી. ઝીણી વાત છે, ભાઈ આ.

કુંદકુંદાચાર્યે આ ગ્રંથમાં કહ્યું આ તો મારી ભાવના માટે બનાવ્યો છે. હેં? ઝીણામાં ઝીણો. નિજ ભાવના માટે અંદર મંથન-સ્વના ઘોલન માટે આ બનાવ્યું છે. સમજાણું કાંઈ? **સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં, વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી.** એ જ્ઞાન, **આ કારણને લીધે આ (સહજજ્ઞાન),** આ વળી આવ્યું ઓલું ભાઈ! આત્મગત. આમાં આવે છે ને 'એકત્વગત' ઘણે ઠેકાણે આવે છે, હોં! મોક્ષગત ને આત્મગત એવા શબ્દો આમાં ઘણા આવે છે. આત્મામાં રહેલું, ગત એટલે જોયું? એકત્વ નિશ્ચયગત્.

આત્મગત (આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે. જોયું? એ પર થઈ

ગયું જ્ઞાનની અપેક્ષાએ. છતાં એ પોતાનું છે એટલે નિશ્ચય જાણે છે. સ્વને અને પરને જાણવું એ નિશ્ચય છે. પણ આ પર. સ્વ જ્ઞાનને જાણનારું જ્ઞાન સ્વને જાણે અને એના સમકિત છે આ, શ્રદ્ધા છે આ, ચારિત્ર છે આ, આનંદ છે આ, એમ જે જાણવું એ નિશ્ચયપક્ષે સ્વ-પરપ્રકાશક કહેવામાં આવે છે. જ્ઞાન જ્ઞાનને પ્રકાશે અને જ્ઞાન પોતાના અનંતગુણને પ્રકાશે. એ નિશ્ચયપક્ષે સ્વપર-પ્રકાશક છે. સાધારણ માણસને તો આમાં ક્યાંય માથું મોં-માથું સૂઝે નહીં. આહાહા! બધું મોં-માથું સૂઝે એવી જ વાત છે આ પણ.

કહે છે કે પહેલું એમ કહ્યું હતું કે સ્વ-પરપ્રકાશકપણું, પરને પ્રકાશે એ વ્યવહાર કહ્યો હતો. સમજાણું કાંઈ? અહીં કહે છે કે સ્વ-પર પ્રકાશે તેને અમે નિશ્ચય કહીએ છીએ. કઈ અપેક્ષાએ? જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન બીજા અનંતગુણને જાણે એ અપેક્ષાએ પર થયું, પણ છે અભેદ અખંડ બાકી નિશ્ચયપક્ષે સ્વ-પરપ્રકાશક આમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવું ઝીણું છે, ચંદુભાઈ! વીતરાગ માર્ગ, હવે આને અન્યમતિની સાથે મેળવવો. આ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ એને બીજા સાથે સમન્વય કરો. કોની સાથે સમન્વય કરે? આ ચીજ જ જયાં બીજે નથી. આહાહા!

મુમુક્ષુ :- સમન્વય કરતાં માલુમ પડી જાય કે જુદું છે.

ઉત્તર :- જુદું છે. જુદું છે પણ એ, છે છે નહીં. બેયમાં મેળ છે, એમ. બેને મેળ છે એનું નામ સમન્વય. એમ એ કહે છે. મેળ કયાં છે, બાપા! તારી જાતમાં જે ચીજ છે એનાથી વિરૂધ્ધ તું માન ને આ બેયનો મેળ ખાય. શી રીતે ખાય? ઓહો! નિશ્ચય કેમ કહ્યું અને પર કેમ કહ્યું એની વ્યાખ્યા કરે છે. કે પોતે વસ્તુવૃત્તિએ જ્ઞાન ભિન્ન નથી.

આ કારણને લીધે આ (સહજજ્ઞાન), આત્મગત (આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને-કારણપરમાત્માના સ્વરૂપને પણ જાણે છે. ઠીક. એ જ્ઞાનની દશા સ્વાત્માને ત્રિકાળીને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન અનંતગુણને જાણે. કહો, સમજાણું કાંઈ? એ નિશ્ચયપક્ષે સ્વપર-પ્રકાશક થયું. એમાં વ્યવહાર નહીં. ભલે પર કહેવાણા. આત્માના જ્ઞાનથી અનંતઆનંદ આદિ પર કહેવાણા. સમજાણું કાંઈ? અરે! અને એકલો આત્મા કારણપરમાત્મા પણ જ્ઞાનથી પર કહેવાણો. ભાઈ! જ્ઞાનથી બીજા ગુણો પર કહેવાણા ને. જ્ઞાન તે આત્મા એમ કહેવાણું છે છતાં બધું નિશ્ચય-સ્વ. સમજાણું કાંઈ? આહાહા!

વીતરાગમાર્ગ સર્વજ્ઞનો કહેલો અલૌકિક પંથ છે. એને સમજવું અને એને સમજયા વિના કયાંય કોઈ રસ્તો કલ્યાણનો બીજો નથી.

મુમુક્ષુ :- મહારાજ! ભેદદષ્ટિ તો વ્યવહાર છે. તો એમ કેમ કહ્યું કે ભેદને જાણે છે માટે નિશ્ચય? પોતાના ગુણોને જાણે છે જ્ઞાન તો આત્માને જાણે છે. આત્મા ને જ્ઞાન તે ભેદ થયો ને?

ઉત્તર :- ભેદ નહીં પણ સ્વ છે માટે નિશ્ચય.

મુમુક્ષુ :- સ્વનો ભેદ છે માટે તે અભેદમાં આપી દીધું.

ઉત્તર :- નહીં નહીં એ તો અભેદમાં નહીં, પોતામાં છે માટે સ્વ, પણ છે તો ભેદ ને? જ્ઞાન પરને જાણે તે પણ ભેદ થઈ ગયો, પર થયું. પણ પર છતાં તે નિશ્ચય છે, પોતામાં છે માટે. અને જ્ઞાન આત્માને જાણે ત્રિકાળ પણ છે ભેદ પણ છે સ્વનો, તેથી નિશ્ચય. લ્યો! પહેલેથી આવ્યું .... એવું છે.

ગુણને પણ જાણે છે, જ્ઞાન બીજા ગુણને પણ જાણે છે અને આત્માને પણ જાણે છે. એમ બે વાત થઈ. આહાહા! સમજાણું કાંઈ? ન્યાં એમ કહ્યું હતું, જ્ઞાન પરને પણ જાણે અને સ્વયં પ્રકાશરૂપ આત્માને પણ જાણે એ વ્યવહાર કહ્યો હતો. છેલ્લે ભાઈ! ત્યાં એને વ્યવહાર કહ્યો હતો. અહીંયા બેયને નિશ્ચય. કઈ અપેક્ષાએ? એમાં છે એ અપેક્ષાએ. એમ. સમજાણું કાંઈ? પરને જાણવું એ પર વસ્તુ કાંઈ આત્મામાં નથી.

આ તો એનામાં છે. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન પરને જાણે એટલે અનંતાગુણોને અને જ્ઞાન આત્માને જાણે. એ આત્મગત હોવાથી સ્વપર-પ્રકાશક નિશ્ચય યથાર્થથી કહેવામાં આવે છે. આહાહા! કેવળજ્ઞાનને મથ્યું છે. હેં? આહાહા! દરિયો ભગવાનઆત્મા એકલો જ્ઞાનનો દરિયો છે. જ્ઞાનસાગર એવો ભગવાનઆત્મા. આહાહા! **અને સ્વાત્માને- કારણપરમાત્માના સ્વરૂપને-પણ જાણે છે.** કૌંસમાં આવું લીધું છે. ગુણ-ગુણીની અપેક્ષા લીધી. **સ્વાત્માને-કારણપરમાત્માના સ્વરૂપને-પણ જાણે છે.** એ વાત નથી આવી. સમજાણું કાંઈ?

બે પડખા લીધા-બે પ્રકાર. એક આત્મા જ્ઞાનથી કેવળજ્ઞાન, કેવળદર્શન વડે બધા ત્રણકાળ, ત્રણલોકને જાણવું એ વ્યવહાર થયો. સમજાણું કાંઈ? અને એ આત્મા પોતાને અને પરને એ જ્ઞાન અપેક્ષાએ પર એટલે એ વસ્તુ અને આત્મા એને જાણે પણ એને વ્યવહારમાં નાખ્યો હતો. એ અહીં કહે છે કે આત્મા એનું જ્ઞાન, જ્ઞાનને જાણે અને જ્ઞાન અનંતાગુણોના એક સાથે અવિનાભાવ રહેલાં છે એને જાણે, પણ છે જ્ઞાનથી પર માટે પરપ્રકાશક, પણ છે નિશ્ચય. સ્વમાં રહેલાં છે. ઓલું તો પરમાં નહોતું. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :- જ્ઞાન પર્યાય લેવી કે જ્ઞાન..

ઉત્તર :- પર્યાય. અહીં તો પર્યાયની વાત છે ને. પાઠમાં તો પર એ લીધું છે. અર્થમાં લીધું છે પણ એ જ્ઞાનની પર્યાય છે ને. એને પોતાને જાણે ગુણ અને બીજા બધાને જાણે એ પણ નિશ્ચય છે. અને આત્મા અખંડ આત્માને જાણે એ પણ નિશ્ચય છે. આવું એનું સ્વરૂપ કેવળજ્ઞાન ને કેવળદર્શનમાં પણ છે. વિશેષ કહેશે.

(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)